# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

રેફ નં. તાઃ ૧૯/૦૫/૨૦૨૪

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરના 'સ્માર્ટ એજ્યુકેશન એક્ષ્પો– ૨૦૨૪'નું સમાપન

## વિદ્યાર્થીઓને કારકિર્દીની મજબૂત પસંદગી માટે યોગ્ય શિક્ષણ સંસ્થાઓ સાથે સીધો સંપર્ક સાધવામાં ચેમ્બર ઓફ કોમર્સનું આ પ્લેટફોર્મ ઘણું ઉપયોગી સાબિત થયું

## ૩ હજારથી વધુ વિદ્યાર્થીઓ–વાલીઓ અને પ્રોફેશનલોએ એક્ષ્પોની મૂલાકાત લીધી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ૧૭, ૧૮ અને ૧૯ મે ૨૦૨૪ દરમિયાન સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ કલાક દરમ્યાન પ્લેટિનમ હોલ, સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે 'સ્માર્ટ એજ્યુકેશન એક્ષ્પો– ૨૦૨૪'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું આજરોજ સમાપન થયું હતું. ત્રણ દિવસમાં કુલ ૩૦૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓ, વાલીઓ અને પ્રોફેશનલોએ આ એક્ષ્પોની મૂલાકાત લીધી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, આજની યુવા પેઢી હવે ઉચ્ચ શિક્ષણ અને સારા કારકિર્દી ઘડતર માટે ખૂબ જ ગંભીર બની છે. એના માટે યુવાઓ જુદા – જુદા પ્લેટફોર્મથી ઉચ્ચ શિક્ષણ મેળવવા માટેના વિવિધ વિકલ્પો વિશે માહિતી મેળવે છે, આથી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા યુવાઓને એક જ છત નીચે શૈક્ષણિક તેમજ કારકિર્દી ઘડતર સંબંધિત માહિતી પૂરી પાડવાના હેતુથી સ્માર્ટ એજ્યુકેશન એક્ષ્પો–

૨૦૨૪નું આયોજન કર્યું હતું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, વિદ્યાદીપ યુનિવર્સિટી, ઓરો યુનિવર્સિટી, ધી ઇન્સ્ટીટયુટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઇન્ડિયા સહિત ૨૫થી વધુ જુદી–જુદી શૈક્ષણિક સંસ્થાઓએ ભાગ લીધો હતો.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વાર પ્રથમ વખત સ્માર્ટ એજ્યુકેશન એક્ષ્પો યોજીને વિદ્યાર્થીઓ સુધી ઉચ્ચ શિક્ષણ તેમજ કઇ દિશામાં તેઓ યોગ્ય કારકિર્દી ઘડી શકે તે માટેની માહિતી તેઓ સુધી પહોંચાડવાનો જે પ્રયાસ કર્યો હતો તે સફળ રહયો હતો. હજારો વિદ્યાર્થીઓ તેમજ તેમના વાલીઓએ ત્રણ દિવસ દરમ્યાન આ એક્ષ્પોની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓ અને વાલીઓએ યુનિવર્સિટી તેમજ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના દરેક સ્ટોલની વિઝીટ કરી હતી અને યોગ્ય માહિતી મેળવી હતી.

ભર ઉનાળામાં જબરજસ્ત ગરમીમાં જુદી–જુદી શૈક્ષણિક સંસ્થાઓના પગથિયા ચઢવાને બદલે તેઓને સરસાણા સ્થિત પ્લેટીનમ હોલમાં એક જ સ્થળે મોટા ભાગની મહત્વની યુનિવર્સિટી અને શૈક્ષણિક સંસ્થાઓ પાસેથી જરૂરી માહિતી મળી ગઇ હતી. સ્માર્ટ એજ્યુકેશન એક્ષ્પોમાં યુવા પેઢીને એક છત નીચે ગુજરાત અને ભારતમાં જ નહીં પણ વિદેશમાં પણ તેમની શૈક્ષણિક જરૂરિયાતો અને કારકિર્દી સંબંધિત મહત્વાકાંક્ષાઓને પૂર્ણ કરવા વિવિધ વિકલ્પો જોવાની એક મોટી તક મળી હતી, આથી તેઓએ ચેમ્બર ઓફ કોમર્સના આ પ્રયાસને વખાણ્યો હતો.

એક્ષ્પોની મૂલાકાતે આવેલા કેટલાક વાલીઓએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓને કારકિર્દીની મજબૂત પસંદગી કરવા માટે યોગ્ય શિક્ષણ સંસ્થાઓ સાથે સીધો સંપર્ક સાધવામાં ચેમ્બર ઓફ કોમર્સનું આ પ્લેટફોર્મ ઘણું ઉપયોગી સાબિત થયું હતું. વાલીઓ અને વિદ્યાર્થીઓને યુનિવર્સિટી તેમજ શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તરફથી કયા શૈક્ષણિક ક્ષેત્રમાં પ્રવેશ મેળવવો જોઇએ તે સંબંધિત કાઉન્સેલિંગ પણ મળી ગયું હતું.

આ એક્ષ્પોએ કેટલીક શૈક્ષણિક સંસ્થાઓને સુરતમાં ફ્રેન્ચાઇઝી સાથે એક સંપૂર્ણ નેટવર્કિંગ સ્થળ શોધવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. મોટા ભાગે સમગ્ર શિક્ષણ જગતને એક વ્યાપક પ્લેટફોર્મ પર લાવવાનો પ્રથમ વખત જે પ્રયાસ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કરવામાં આવ્યો હતો તેમાં સફળતા મળી હતી.